ઉત્તર ગુજરાતના ૩૯,૦૦૦ પ્રા.શિક્ષકો માટે રાહતના સમાચાર

બી.એલ.ઓ.ની કામગીરીમાં શિક્ષકો ઉપરાંત તલાટી, મધ્યાહન ભોજનના કર્મચારીઓને સમાવવા માર્ગદર્શન અપાયું

બાયડ, તા.૧૯

ઉત્તર ગુજરાતની ૪ લોકસભા બેઠકોમાં આવતી વિવિધ વિધાનસભાના મતદાન મથકોના પુનર્ગઠન અને ઘેર ઘેર ફરી મતદારોના સંપર્ક અભિયાન માટે ૮૦૯૩ પ્રા.શિક્ષકોની બી.એલ.ઓ. તરીકે નિયુક્તિ કરાતાં પ્રથમથી વિરોધ થઈ રહ્યો છે. શાળાઓમાં શિક્ષણ કાર્ય બગડી રહ્યું છે અને આ અંગે ભારતના ચૂંટણી આયોગ સુધી રજૂઆતો થયા પછી શિક્ષકો ઉપરાંત અન્ય ૧૨ કેડરો જેમાં તલાટી, મધ્યાહન ભોજન યોજના કર્મચારી વગેરેને પણ બી.એલ.ઓ.ની કામગીરીમાં સમાવવા જોઈએ તેવું રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી કચેરીને માર્ગદર્શન અપાતાં ઉત્તર ગુજરાતના હજારો પ્રા.શિક્ષકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આગામી વર્ષ-૨૦૨૪ના માર્ચ પહેલાં લોકસભાની ચૂંટણી યોજાવવાની છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ગત તા.૨૧ જુલાઈ થી ૨૧ ઑગષ્ટ દરમ્યાન ૧ મહિનામાં ૫ લાખથી વધુ મતદારોનો હાઉસ ટુ હાઉસ સંપર્ક શરુ થયો છે અને કેટલાક મતદાન મથકો મ કરવામાં આવી રહ્યા છે. પરંતુ બી.એલ.ઓ. તરીકે તમામ મતદાન મથક ઉપર સરકારી પ્રા.શાળાના શિક્ષકો તેમજ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોને મૂકાતાં છેલ્લા એક મહિનાથી સરકારી શાળાઓમાં શિક્ષકોના અભાવે શિક્ષણ કાર્ય ખોરંભે પડી રહ્યું છે અને અગાઉ પણ શિક્ષક સંઘોએ બી.એલ.ઓ. તરીકેની કામગીરીથી શિક્ષકોને મુક્તિ આપી અન્ય વિભાગના કર્મચારીઓને નિયુક્ત કરવા રજૂઆતો કરી હતી અને હવે રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશ્નરની કચેરી દ્વારા તા.૧૭ ઑગષ્ટના રોજ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીને બી.એલ.ઓ.ની નિમણૂંક, ફરજો અને જવાબદારીઓ વગેરે બાબતે પરીપત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી અને વિવિધ સંગઠનોના પ્રશ્નોનું નિવારણ લાવે તે માટે કેટલાક મુદ્દાઓ આધારીત કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે જેમાં બી.એલ.ઓ.ની કામગીરી શિક્ષકો ઉપરાંત તલાટી કમ મંત્રી, મધ્યાહન ભોજન કર્મચારી સહિતની ૧૨ કેડરોના કર્મચારીઓ પાસે કરાવવી. ૩ વર્ષથી વધારે સમય બી.એલ.ઓ.ની કામગીરી કરી હોય તેમને કામગીરીમાંથી મુક્તિ અંગેની રજૂઆતો ગંભીરતાથી સાંભળવા જણાવ્યું છે તો કેટલીક રજૂઆતોમાં બી.એલ.ઓ.ની કામગીરી અન્ય એજન્સીઓ મારફતે કે બેરોજગાર યુવકો પાસે કરાવવા સહિતની રજૂઆતો ચૂંટણી આયોગ સુધી થયાનું જાણવા મળ્યું છે. જો કે અત્યારે તો ઉત્તર ગુજરાતના ૩૮,૯૪૭ પ્રા.શિક્ષકો માટે એકંદરે રાહત અપાવે તેવા સમાચારો છે.

સાબરકાંઠામાં સૌથી વધુ ૨૬ ટકા ઘટ, બનાસકાંઠામાં ૨૫ ટકા ઘટ

ઉત્તર ગુજરાતમાં વરસાદની ઘટ વધીને ૨૪ ટકા થતાં સાર્વત્રિક ચિંતા: વાવેતર સૂકાતાં અનેક વિસ્તારોમાં સિંચાઈનાં પાણી આપવાની શરુઆત

બાયડ, તા.૧૯

ઉત્તર ગુજરાતમાં ઑગષ્ટ મહિનાના પ્રથમ પખવાડીયામાં વરસાદ વરસ્યો નથી. ગત વર્ષની સરખામણીએ વરસાદની ઘટ વધીને ૨૩.૫૩ ટકાએ પહોંચી છે અને હજુ એક સપ્તાહ સુધી સારા વરસાદ માટે રાહ જોવી પડે તેવી સ્થિતિ છે. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ ખેંચાયા પછી ખરીફ વાવેતર સૂકાવવા લાગતાં ખેડૂતોએ ધરેલું સિંચાઈ મારફતે પાણી આપવાની શરુઆત કરી છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં વરસાદની સૌથી વધુ ઘટ ૨૫.૮૨ ટકા નોંધાઈ છે. જ્યારે બનાસકાંઠામાં ૨૫.૨૦ટકા વરસાદની ઘટ હોવાનું જાણવા મળ્યું છે.

બિપરજોય વાવાઝોડાના કારણે અનરાધાર વરસાદ વરસ્યો ત્યારે હવામાન વિભાગે સ્પષ્ટ કહ્યું હતું કે આ નિયમિત ચોમાસુ નથી પરંતુ હવે લાગે છે કે બિપરજોય વાવાઝોડા સમયે વરસેલો વરસાદ ઉત્તર ગુજરાતની ખેતી અને ખેડૂતો માટે દિવસો પસાર થાય તેમ આશીર્વાદરુપ સાબિત થઈ રહ્યો છે. બિપરજોય વાવાઝોડામાં ધોધમાર વરસાદ વરસ્યો ન હોત તો કદાચ વર્તમાન સ્થિતિમાં વરસાદની ઘટ ૫૦ ટકાને પાર કરી ગઈ હોત. સડસડાટ ઑગષ્ટ મહિનો આગળ વધી રહ્યો છે અને અધિક માસમાં ફરી તળાવ, ચેકડેમ છલકાય તેવો ક્યાંય નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસાદની ખેંચના કારણે ૧૨ લાખ હેક્ટરથી વધુ ખરીફ વાવેતર ઉપર સંકટ મંડરાયું છે. છેલ્લા ૩ દિવસથી તાપમાનનો પારો ૩૨ ડિગ્રીને પાર કરી રહ્યો છે અને હવે વાવેતર વરસાદ ઝંખે છે પરંતુ આકાશમાંથી કાળાં ડીબાંગ વાદળો મન મૂકીને વરસતાં નથી જેના કારણે કેટલાક વિસ્તારોમાં ખરીફ વાવેતર સૂકાય તેવી દહેશત ઉભી થતાં ખેડૂતોએ સિંચાઈનાં પાણી મૂકવાની શરુઆત કરી છે. ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં અગાઉ સારો વરસાદ વરસ્યો હતો પરંતુ મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં હજુ સરેરાશ ૬૦ ટકા વરસાદ નોંધાયો નથી. જેથી ખરીફ વાવેતર ઉપર વરસાદ ન વરસે તો સંકટ ઉભુંથઈ શકે છે. પરંતુ ઑગષ્ટ મહિનામાં વરસાદની ઘટ વધીને ૨૩.૫૦ ટકાને પાર કરી જતાં હવે પાંચમા રાઉન્ડમાં ધોધમાર વરસાદ ન વરસે તો આગામી શિયાળ, ઉનાળુ સીઝન માટે સિંચાઈનાં પાણી મળવાં મુશ્કેલ થઈ શકે છે..

‘અનુપમા’ સીરિયલના અદાકાર રૂપાલી ગાંગુલીએ અંબાજી માતાના દર્શન કર્યા

લોકપ્રિય સિરિયલ અનુપમાની અદાકાર રૂપાલી ગાંગુલી અંબાજી મંદિરમાં દર્શનાર્થે આવ્યા હતા. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ તરફથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અદાકાર રૂપાલી ગાંગુલીએ અંબાજી મંદિરમાં માતાજીના દર્શન કર્યા હતા. માતાજીના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. અને મંદિરમાં માતાજીના ગ્રભગૃહમાં માતાજીની વિશેષ પૂજા અર્ચના કરી હતી.સાથે સાથે મંદિરમાં આવેલા અંબિકેશ્વર મહાદેવ પર મહાદેવની પૂજા અર્ચના કરી જલાભિષેક પણ કર્યો હતો. ત્યારબાદ તેમણે મંદિરની ગાદી પર જઈ ભટજી મહારાજ પાસે આશીર્વાદ લઈ રક્ષા કવચ બંધાવ્યો હતો.

પ્રાંતિજના બાલીસણા ગામે ગટર ઉભરાતા ગ્રામજનો પરેશાન

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે છેલ્લા ત્રણ વર્ષ થી ગટર લાઈન ઉભરાતા રજુઆત બાદ પણ ઉકેલ ના આવતા ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને પાણીજન્ય રોગચાળા સહિત મચ્છરજન્ય રોગચાળા ની ભીતી સંતાવે છે.

પ્રાંતિજ તાલુકાનું બીજા નંબર નુ ગ્રામ કે જયા છેલ્લા ત્રણ વર્ષ થી ગટર નુ ગદુપાણી રોડ ઉપર ઉભરાય છે અને ગટરલાઈન નું ગંદુ પાણી રોડ રસ્તા ફરી વળ્યુ છે તો રોડ ઉપર રોજીદુ અવરજવર કરતા ગ્રામલોકો તથા નાના મોટા વાહન ચાલકો દુરગંધ યુક્ત ગંદા પાણી ને લઈ ને ત્રાહિમામ પોકારી ઉઠયા છે તો રોડની બન્ને સાઈડ મા રહેણાંક વિસ્તાર આવેલ છે અને તેવોને પણ ગટર નુ ગંદુ પાણી ઉભરાતા દુરગંધ મારે છે અને મચ્છરજન્ય રોગચાળા ની ભીતી સંતાવે છે તો દુરગંધ યુક્ત ગટર નુ ગંદુ પાણી રોડ ઉપર આવતા ગટરનુ દુરગંધ પાણી ને લઈ ને ગામલોકો ના નાકના ટેડવા પણ ચડી જાયછે તો ગ્રામજનો દ્વારા છેલ્લા ત્રણ વર્ષ થી ગ્રામ પંચાયત મા અનેકવાર રજૂઆતો કરવા છતાય પરિસ્થિતિ જે સે થેની છે તો જેતે વખતે ગટર લાઈન ના કામમા ભષ્ટ્રાચાર થયો હોવાનુ પણ ગ્રામજનો જણાવી રહ્યા છે ત્યારે હાલતો ગટરનુ દુરગંધ યુક્ત પાણી રોડ ઉપર આવતા રોજીદુ ચાલતા અવરજવર કરતા લોકો અને આજુબાજુ મા રહેતા લોકો તોબાતોબા ત્રાહિમામ પોકારી ઉઠયા છે ત્યારે દુરગંધ યુક્ત ગટર ના પાણી ને લઈ ને ગ્રામજનોને રોગચાળાની ભીતી સંતાવે છે તો ગંદકી ને લઈ ને પણ લોકો ગામમા કન્યા ના આપતા હોવાની રાહ પણ ઉઠવા પામી છે.

પાલનપુરના ગણેશપુરા આંબાવાડી વિસ્તારમાં નવીન બોરનું ખાત મુહૂર્ત...

નવીન બોર બનતા આંબાવાડી વિસ્તારમા વર્ષો જૂની પાણીની સમસ્યાનો ઉકેલ આવશે

પાલનપુર તા. ૧૯

પાલનપુર શહેરમાં વોર્ડ નંબર અગિયારમા સમાવિષ્ઠ ગણેશપુરા આંબાવાડી વિસ્તારમા પીવાના પાણીની વર્ષોથી સમસ્યાના ઉકેલ લાવવા માટે નગરપાલીકા દ્વારા નવીન બોર મંજૂર કરાયો હતો. જે બોરનું સ્થાનિક નગર સેવકો ના હસ્તે ખાત મુહુર્ત કરવમાં આવ્યું છે જોકે આ વિસ્તારમાં નવીન બોર બનતા પાણીની સમસ્યાનો ઉકેલ આવવાને લઇ સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર શહેરના ગણેશપુરા આંબાવાડી વિસ્તારમા છેલ્લા કેટલાય સમય થી સ્થાનિકોને પીવાની પાણી ન મળતા પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા સ્થાનિકો દ્વારા નગરપાલીકા સહિત ઉચ્ચ કક્ષાએ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી જેને લઈ પાલીકા દ્વારા આંબાવાડી વિસ્તારમા વર્ષો જૂની પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા આયોજનની ગ્રાન્ટ માંથી નવીન બોર મંજૂર કરવામાં આવ્યો હતો. પાલીકાના ઉપ પ્રમુખ હસમુખ પઢિયાર, પાણી પુરવઠા સમિતિ ના ચેરમેન સાગર માળી સ્થાનિક નગર સેવક ગીતાબેન પટણી,જયેશ પરમાર અને રમેશ સોલંકીના હસ્તે નવીન બોર વિધિ વ્રત ખાત મુહૂત કરવામાં આવ્યું હતું જોકે આંબાવાડી સહિતમાં નવીન બોર નું કામ શરૂ કરવામા આવતા આ વિસ્તારમાં પાણીની સમસ્યાનો ઉકેલ આવવાને લઇ સ્થાનિકો લોકોમાં ખુશાલી વ્યાપી જવા પામી છે.

પ્રાંતિજના સોનાસણ ખાતે મકાનની બારી તોડી ઘરમાં પ્રવેશ કરી ૯૯,૫૦૦ની ચોરી

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના સોનાસણ ખાતે રાત્રીના સમયે મકાન ની બારી તોડી ઘરમા પ્રવેશ કરી તિજોરી નુ તાળુ તોડી તિજોરી મા રહેલ સોના-ચાંદી ના દાગીના રોકડ રકમ સહિત કુલ-૯૯,૫૦૦ ની ચોરી કરી તસ્કરો પલાયન થતા મકાન માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી,પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે રહેતા રાજેશ્વરી બેન સિધ્ધરાજસિંહ મકવાણા કે જેવો પોતાના પરિવાર સાથે સોનાસણ મુકામે રહે છે અને રાત્રીના સમયે તેવો તથા તેવોના પતિ સાસુ-સસરા , નણંદ બધા ઘરમા રાત્રીના સમયે ઘરમા સુઈ ગયા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યા તસ્કરોએ તેમના મકાન ના પાછળ ના ભાગે આવેલ રસોડા ની બારી ની લોખંડની જાળી તોડી મકાનમા પ્રવેશ કરી ઘરમા રહેલ સર-સામાન વેર વિખેર કર્યો હતો અને રસોડામા તથા મકાન મા રહેલ તીજોરીના તાળાતોડી તિજોરીમા રહેલ સોના-ચાંદી ના દાગીના જેમા સોના નો દોરો આશરે ૧ તોલા વજન નો જેની આશરે કિંમત રૂપિયા-૫૦,૦૦૦, ચાંદીની કાંબી આશરે ૨૦૦ ગ્રામ વજન જેની આશરે કિંમત ૧૨,૦૦૦, ચાંદીના કડલા આશરે ૪૦૦ ગ્રામ વજન જેની આશરે કિંમત રૂપિયા-૨૪૦૦૦ , ચાંદીની પાયલ એક જોડ આશરે ૧૦૦ ગ્રામ વજન જેની આશરે કિંમત રૂપિયા-૬૦૦૦ ,ચાંદીનો જુડો આશરે ૫૦ ગ્રામ વજન નો જેની આશરે કિંમત રૂપિયા-૩૦૦૦ , ચાંદી નું મંગલસૂત્ર આશરે ૫૦ ગ્રામ જેની આશરે કિંમત રૂપિયા-૩૦૦૦ , રોકડ રૂપિયા ૧૫૦૦ મળી કુલ-રૂપિયા- ૯૯,૫૦૦ ની મત્તાની ચોરી કરી અજાવ્યા તસ્કરો લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા રાજેશ્વરી બેન સિધ્ધરાજસિંહ બાબુજી મકવાણા રહે પ્રાંતિયાવાસ, સોનાસણ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાવ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

ધાનેરા તાલુકા કક્ષાના સ્વતંત્ર પર્વની ઉજવણી નેનાવા માધ્યમિક શાળામાં યોજાઈ

ધાનેરા તા.૧૯

સમગ્ર દેશમાં સ્વતંત્ર પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે ત્યારે સમગ્ર ધાનેરા તાલુકામાં પણ ખૂબ જ ઉત્સાહ સાથે સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, ત્યારે ધાનેરા તાલુકા કક્ષાની ઉજવણી નેનાવાની માધ્યમિક શાળા ખાતે રાખવામાં આવી હતી એમાં ધાનેરા પોલીસ સ્ટેશનના પી.આઈ એ.ટી.પટેલ,સમગ્ર પોલીસ સ્ટાફ,નાયબ કલેકટર ચરણસિંહ ગોહિલ મામલતદાર મોડસિંહ રાજપુત,ધાનેરા તાલુકા વિકાસ અધિકારી ધાનેરા તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, તેમજ નામી અનામી ભાજપ કોંગ્રસના અગ્રણીઓ તેમજ ખુબજ બહોળી સંખ્યામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો હાજર રહયા હતા ધાનેરા નાયબ કલેકટરના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું તેમજ લોકોએ ખૂબ જ ઉત્સાહ સાથે તિરંગાને સલામી આપી સ્વતંત્ર પર્વની ઉજવણી કરી હતી.શાળા ખાતે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા અને આવનાર મહેમાનોનું વિદ્યાર્થીઓનુ ઉત્સાહિત શાળા પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ વૃક્ષારોપણના અંતે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

બાયડના જયઅંબે મંદબદ્ધિ આશ્રમની બહેનો દ્વારા રાખડીઓ તૈયારી કરાઈ

બાયડ, તા.૧૯

રક્ષાબંધન પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે બાયડના જયઅંબે મંદબૂદ્ધિ આશ્રમની માનસિક દિવ્યાંગ મહિલાઓ હારા રાખડીઓ તૈયારી કરવામાં આવી છે અને દરેક ગામડાઓની શાળાઓમાં રાખડીઓનું નહીં નકો, નહીં નૂકસાનના ધોરણે વિતરણ કરી માનસિક દિવ્યાંગ મહિલાઓને આર્થિક પગભર બનાવવાના સરાહનીય પ્રયાસ જોવા મળી રહ્યા છે. મળતી જાણકારી અનસાર ઉત્તર ગુજરાતમાં મંદબૃદ્ધિની રસ્તા ઉપર જોવા મળતી મહિલાઓને બાયડના જયઅંબે મંદબૃદ્ધિ આશ્રમમાં પૂરા સન્માન સાથે લાવવામાં આવે છે ત્યારબાદ તેમની માનસિક સ્થિતિની નિષ્ણાત તબીબો દ્વારા ચકાસણી કર્યા બાદ ભોજન સાથે તેમને દવાઓ વિના મૂલ્યે આપવામાં આવતાં અનેક મંદબૂદ્ધિની મહિલાઓની ગૃમાવેલી યાદદાસ્ત પાછી આવ્યા પછી પરિવાર સાથે મિલનના અત્યાર સધીમાં ૨૦૦ થી પણ વધુ ભાવુક દ્રશ્યો જોવા મળ્યા છે. આ વર્ષે ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ જૈન અને તેમની ટીમ દારા મંદબૃદ્ધિની મહિલાઓને પ્રવૃત્તિમય રાખવા માટે અને તેમના હૃદયના આશીર્વાદ ગામે ગામ પહોંચે તે માટે રાખડી નિર્માણનું કામ હાથ ધરવામાં આવ્યું અને આશ્ચર્ય વચ્ચે એક પછી એક તમામ બહેનો તેમાં સામેલ થતા રાખડીઓ તૈયાર કરવામાં આવી છે અને ટ્રસ્ટ દ્વારા દરેક ગામમાં રાખડીઓનું વ્યાજબી ભાવે વેચાણ થઈ મંદબુદ્ધિ આશ્રમમાં માનસિક દિવ્યાંગ મહિલાઓ માટે આ શરુ કરાયેલી પહેલ આવનારા દિવસોમાં આવી મહિલાઓને આર્થિક રીતે આત્માનર્ભર બનાવવાનો સીમા ચિન્હસપ નિર્ણય બની શકે છે.

જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે તલોદથી વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

તલોદ, તા. ૧૯

તલોદ શહેર ની પાછળ ના વિસ્તારમાં થી લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બાતમી ના આધારે રેડ કરી એક મકાનમાંથી વિદેશી દારૂ નો જથ્થો પકડી લઈ બે ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધવ્યો હોવાનુ જાણવા મળે છે. આ અંગે મળતી માહિતી મુજબ જિલ્લા એલ સી બી પી આઈ રાઠોડ ની સૂચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચ સ્ટાફ ના એ એસ આઈ અમરત ભાઈ અને અન્ય પોલીસ સ્ટાફ તલોદ પંથક માં તલોદ બસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલિંગ મા હતા તે દરમ્યાન સી ડી પટેલ હાઈસ્કૂલ ની પાછળ ના વિસ્તારમાં આવેલ લાલા દેસાઈ ની ચાલી વિસ્તાર માં રહેતા ટીના ભાઈ ઉર્ફે ટી સી પગી અને બળદેવ સિંહ નેન સિંહ ચૌહાણ બંને રહે લાલા દેસાઈ ની ચાલી તલોદ બંને સાથે રહી ઈંગ્લીશ દારૂ બિયર નું ગેરકાયદેસર વેચાણ કરી રહ્યા છે એવી બાતમી ના આધારે એલ સી બી સ્ટાફ ના માણસો એ પંચો સાથે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા બળદેવ સિંહ કે ટીના ભાઈ ઘેર હાજર ન હતા તે ઘર ની ખરાઈ કરી તે દરમ્યાન તલોદ નગર પાલિકા ના ઘરવેરા ની પાવતી મળી આવી હતી જેના પર મકાન માલિકનું નામ બળદેવ સિંહ નેન સિંહ ચૌહાણ લખેલ હતું ત્યારબાદ અંદર ના રૂમમાં તપાસ કરતા લાકડા ના ખાટલા ની નીચે ભારતીય બનાવટ નો વિદેશી દારૂ નો જથ્થો જોવા મળ્યો હતો જેની ગણતરી કરતાં ઓફિસર્સ ચોઈસ ૧૮૦ મિલી ગ્રામ ની બોટલ નંગ ૪૮ કિંગ ફિશર સુપર સ્ટ્રોંગ બિયર બોટલ નંગ ૨૪ , વ્હાઈટ લેસ વોડકા ઓરેન્જ ફ્લેવર્સ બિયર ની બોટલ નંગ ૨૧ એમ કુલ ૧૦૦ બોટલ મળી જેની કુલ કિંમત ૧૦૮૨૭ થવા જાય છે સદર જથ્થો કબજે લઈ એલ સી બી ના એ એસ આઈ અમરત ભાઈ એ તલોદ પોલીસ મથકે બળદેવ સિંહ નેન સિંહ ચૌહાણ અને ટીના ભાઈ ઉર્ફે ટી સી પગી વિરૂધ્ધ ગુનો દાખલ કરાવતા તલોદ પી એસ આઈ બી ડી રાઠોડ ની દોરવણી હેઠળ એ એસ આઈ મુકેશ સિંહ લાલસિંહ એ વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે

ડીસામાં ઈન્ચાર્જ સર્કલ ઓફીસર અને નિવૃત તલાટી લાંચ લેતા ઝડપાયા

ડીસા મામલતદાર કચેરીના જનસેવા કચેરીના ઈન્ચાર્જ સર્કલ ઓફિસર સહિત નિવૃત તલાટી લાંચ લેતા ઝડપાતા ચકચાર મચી છે. પાલનપુર એસીબીની ટીમે ઈન્ચાર્જ સર્કલ ઓફિસર (ઝેરડા) રમેશભાઈ પ્રજાપતિ અને નિવૃત તલાટી દશરથભાઈ ત્રિવેદીને ૧૮,૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા છે. અરજદારની જમીનમાં વારસાઈ કરવા તેમજ ભાઈઓના ભાગની જમીન છૂટી પાડવા તેમજ વેચાણ દસ્તાવેજોની પાડેલ કાચી નોંધ મંજૂર કરવા લાંચ માંગી હતી.જે લાંચ તેઓ આપવા માંગતા નહતા અને એસીબીમાં ફરીયાદ નોંધાવી હતી.સર્કલ ઓફિસરે અરજદારને લાંચની રકમ તેમની કચેરીમાં નિવૃત્તિ પછી કામ કરતા તલાટીને આપવાનું કહેતા એસીબીએ સર્કલ ઓફિસર અને નિવૃત તલાટીને રંગે હાથે લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. પાલનપુર એસીબીએ બંને આરોપીઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.